ચિંતન

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

નિરુત્સાહદ્ દૈવં પતતિ ।

ઉપરોક્ત સૂત્ર 'ચાણક્યસૂત્ર'માંથી લેવામાં આવેલ છે.

નિરુત્સાહથી ભાગ્યનું પણ પતન થાય છે.

જો કોઈ વ્યક્તિ પ્રારબ્ધવાદી હોય તો પણ તેને હાથપગ તો હલાવવા જ પડશે. એટલે કે કશુંક તો કરવું જ પડશે. જો તે ઉત્સાહ ગુમાવી આળસુ બનીને બેસી રહેશે તો એનું પ્રારબ્ધ પણ પાંગળું બની જશે, એને માટે કશું કરી શકશે નહીં અને જે સફળતા એને સરળતાથી મળી શકતા એ પણ તેના હાથમાંથી સરી જશે.

પરિશ્રમ વિના પૈસો મળતો નથી. માણસે સદા જાગૃત રહી પરિશ્રમ તો કરવો જ પડે - એક કચ્છી કહેવત છે. 'જાગે તેની પાડી, સૂતે જો પાડો' જે જાગતો રહે છે એની ભેંસ પાણી જણે સૂઈ જનારાની ભેંસ ને પાડો - બે મિત્રો - એક આળશું અને એક પરાક્રમી - ભેંસ બઈ પ્રવાસમાં હતા બંનેની ભેંસ પૂરા દિવસે હતી. રાતે વિયાણી - આળશુ સૂઈ ગયો હતો. સમજ્યા ને ?

સુવિચાર

- પાપમાં પડે તે માણસ, તેનો ખેદ કરે તે સંત અને તેનું અભિમાન કરે તે રાક્ષસ - **મહાભારત**
- 'મહેનત' રૂપી નાણું ચૂકવી સફળતા ખરીદવી પડે છે - **પ્લુટાર્ક**
- જે સમયને વેડફે છે એના જીવનની ઘડિયાળના કાંટા કુદરત આડા-અવળા કરી નાખે છે - **લા બ્રૂયર**
- સાવધાનીથી અવલોકન કરનાર અને દૃઢતાપૂર્વક નિશ્ચય કરનાર માણસ અજાણતાં પણ બુદ્ધિમાન બની જાય છે - **જહોન રસ્કિન**
- જ્ઞાનને ઘમંડ હોય છે કે હું કેટલું જાણું છું, ડહાપણમાં વિનમ્રતા હોય છે કે હું ફક્ત આટલું જ જ જાણું છું - **વિલયમ ક્રૂપર**
- સમય સત્ય સિવાયની દરેક વસ્તુઓને કચરાપેટીમાં નાંખી દે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : બકરીનું દૂધ થોડું વધારે ઉકાળી તેમાં સાકર અને સૂંઠ સરખા પ્રમાણમાં નાખી તે પીવાથી, પેશાબના મોટાભાગના રોગમાં રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

તપસ્વી સાધુ જંગલમાં એકાંતમાં ધ્યાન ધરતાં બેઠાં હતા. જ્યારે તેઓ સમાધિ અવસ્થામાં પહોંચતા ત્યારે આજુબાજુની કોઈ ચહલ-પહલનો એમને ખ્યાલ સુધ્ધાં ન રહેતો. એક શિકારીએ તીર ચલાવ્યું જે તીર તપસ્વીના ખભામાં પેસી ગયું. તપસ્વીની એકાગ્રતા હતી કે એમને હાથમાં તીર વાગ્યાની જાણ જ નહોતી. સમાધિ પૂરી થતા એમનું ધ્યાન તીર તરફ ગયું.

એ દરમિયાન એમના શિષ્ય આવી પહોંચ્યા. તેમણે તીર ખેંચવા પ્રયત્ન કર્યો. પરંતુ એ વખતે તપસ્વીથી પીડાને કારણે જોરથી ચીસ પડાઈ ગઈ. તપસ્વીએ કહ્યું, 'વત્સ, હમણા રહેવા દો, હું હવે ફરી ધ્યાનમાં બેસું છું. મારું ધ્યાન બરાબર દૃઢ થાય અને જ્યારે તમને શ્વાસોશ્વાસ પણ નહીંવત લાગે ત્યારે તમે એ તીર ખભામાંથી ખેંચી લેજો.'

તપસ્વીએ ફરી સમાધિ લગાવી. થોડીક જ વારમાં શિષ્યોએ શ્વાસ તપાસ્યો. અને ધીરેથી તીર કાઢી લીધું. શિષ્યોને થયું, 'આ તો કેવી ગજબની સમાધિ ?'

તપસ્વી સમાધિમાંથી જાગ્યા અને તેમણે શિષ્યોને કહ્યું, 'જ્યાં સુધી ભગવાનના ધ્યાનમાં આવી એકાગ્રતા ન આવે ત્યાં સુધી આપણને પ્રભુપ્રાપ્તિ ક્યાંથી થાય ?'

શિષ્યોએ ગુરુને નમન કર્યા.

મોદી વિશ્વયુદ્ધ ટાળવા નિમિત્ત બનશે

તંત્રીસ્થાનેથી...

બે વિશ્વયુદ્ધો જોઈ ચૂકેલી દુનિયાને ત્રીજું વિશ્વયુદ્ધ પોસાય એમ નથી. બીજા વિશ્વયુદ્ધના અંતિમ ચરણમાં અમેરિકાએ જાપાનનાં બે શહેરો - હિરોશીમા અને નાગાસાકી પર અણુબોમ્બ વરસાવી કાળો કેર વરતાવ્યો હતો જેની અસર આજ પર્યંત એ રેડિયેશનનો ભોગ બનેલા પૂર્વજોની પેઢીઓ સુધી વરતાતી રહી છે. સત્તાની સાઠમારીમાં ક્યારે, ક્યાં ભડકો થઈ જશે એની આગાહી કરવી મુશ્કેલ છે. સિરિયાના આંતરવિગ્રહ વખતે ઈસ્લામિક સ્ટેટના ખૂંખાર આતંકવાદીઓના હાથમાં પાકિસ્તાનનાં રેઢાં પડી રહેલા અણુશસ્ત્રો આવી ગયાં હોત તો દુનિયાની શી વલે થઈ હોય તે કલ્પવું મુશ્કેલ છે. ઓસામા બિન લાદેનને આશ્રય આપી પાકિસ્તાને એનું પ્રોત પ્રકાશ્યું જ છે. અમેરિકા પાકિસ્તાનને બગલબચ્ચું માનીને 'અઢળક' નાણાંકીય સહાય કરતું રહ્યું એથી પાકિસ્તાન માટે આતંકીઓ ઉછેરવાનો ઉદ્યોગ ઘણો જ અનુકૂળ બની રહ્યો હતો. હવે જ્યારે અમેરિકાએ હાથ પાછો ખેંચી લીધો છે અને પાકિસ્તાને આતંકવાદીઓ સામે કડક કાર્યવાહી કરવાના હુકમ કરે છે ત્યારે ખુદ પાકિસ્તાની નેતાઓ અમેરિકાની ગંદીગોબરી કૂટનીતિનો પર્દાફાશ કરી રહ્યા છે. પાકિસ્તાનને ચીન જેવી શક્તિશાળી મહાસત્તાનું ખુલ્લું સમર્થન છે અને ઓસામા બિન લાદેનના આતંકી સંગઠનના સર્વેસર્વા અલ જવાહિરીએ તો મુસ્લિમ પ્રજાને રીતસરની હાકલ જ કરી છે કે એણે અમેરિકા સહિત બિનમુસ્લિમ રાષ્ટ્રો પર હુમલા કરવા જોઈએ.

ઈરાન પાસે પૂરતો અણુજથ્થો છે. અમેરિકાની લાખ મનાઈ છતાં ઈરાન એના પરમાણુ કાર્યક્રમમાં આગળ વધતું રહ્યું છે. ઈરાને પણ પોતે અમેરિકા સાથે પૂર્ણ કદના યુદ્ધનું રણશિંગું ફૂંકી દીધું છે. પાકિસ્તાન તો દેવાળિયો મુલક છે, પણ એણે અમેરિકા, ચીન અને ઈસ્લામિક રાષ્ટ્રોની મદદથી ભારત સામે સલામતીના મુદ્દે ભયંકર અણુશસ્ત્રોનો ભંડાર ભરી લાખ્યો છે. પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાનખાન વારંવાર એમની પાસે ભારત વિરુદ્ધ પરંપરાગત યુદ્ધના વિકલ્પે અણુબોમ્બ વરસાવવાની ક્ષમતાની ધમકી આપી જ છે. પાકિસ્તાન માટે કાશ્મીર દુખતી રગ હોવાનું અને કાશ્મીર માટે લોહીનાં છેલ્લા ટીપા સુધી ખપી ખૂટવાની તૈયારી હોવાનું પાક લશ્કરી વડાનું નિવેદન પણ સર્વવિદિત છે. ક્યારે ચિનગારી ચંપાઈ જાય અને ભડતો થઈ જાય એનું કંઈ જ નક્કી નથી. યુનાઈટેડ નેશન્સમાં પોતાનું વકતવ્ય રજૂ કરવા જઈ રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુપુરે જાણે છે કે ભારતનું વિશાળ બજાર ગુમાવવાનું દુનિયાના કોઈ અમીર દેશને પોસાય એમ નથી. પરંતુ એમને એ પણ ખબર હશે કે ખાડીના દેશો ગમે તેટલા ઉમળકાથી ભેટવા આવે છતાં ઈસ્લામના નામે તેઓ પાકિસ્તાન પ્રત્યે જ સહાનુભૂતિ ધરાવતા રહેશે. ફારુક અબ્દુલ્લા પર કડક કલમ લગાવવાથી કે કાશ્મીરના બીજા નેતાઓને નજરકેદમાં રાખવાથી પરિસ્થિતિ વણસી શકે છે. કાશ્મીર સાચવતાં દેશ આગમાં ફેંકાઈ ન જાય - વિશ્વયુદ્ધ શરૂ ન થઈ જાય, એ જોવાની જવાબદારી પણ ભારતની અને ભારતના વડાપ્રધાનની છે.

એ તો બધું એમ જ ચાલે, તમે પેલા બધા કાગળો લાવો મારે ક્યાં ક્યાં સહી કરવાની છે....

નવાં કલેવર
નટવર હેડાઉ

એક સન્નારીએ ખાનગી ટેકનિકલ સંસ્થામાં પ્રેક્ટિકલ પરીક્ષા લેવા માટે નિયુક્ત કરવામાં આવ્યા. તેમની સુવિધા માટે સંસ્થા દ્વારા તેમને લેવા માટે ગાડી મોકલી.

સંસ્થા ઘણી મોટી હતી. તેમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. મોટું કેમ્પસ અને તમામ સુવિધા સંપન્ન આ સંસ્થાનું રાજયમાં જ નહીં પણ રાષ્ટ્રીય કક્ષાએ પણ નામ ચર્ચામાં હતું.

તેની ગાડી કેમ્પસમાં ગેઈટમાં પ્રવેશી, જોયું તો પાર્કિંગમાં કારો અને મોટર સાયકલો, સ્કૂટરો મોટા પ્રમાણમાં નજરે પડતાં હતા.

આગળના ભાગે મોટો બગીચો હતો. તેમાં કેટલાંક વિદ્યાર્થી - વિદ્યાર્થીનીઓ ફરતા હતા. તેમના હાથણાં મોબાઈલ અને ખભે લેપટોપ બેગ, આધુનિક વસ્ત્ર પરિધાનમાં તે બધાં બગીચાના રંગીન ફૂલો અને પતંગિયાઓ સાથે સ્પર્ધામાં ઉતર્યા હોય તેવાં લાગતા હતા.

ગાડીમાંથી ઉતરી તેઓ પ્રિન્સિપાલની ઓફિસમાં ગયા. પ્રિન્સિપાલ ઉષ્માભર્યું સ્વાગત કર્યું અને સમયસર ઉપસ્થિત થવા માટે આભારની લાગણી વ્યક્ત કરી એક અધ્યાપક તેમને પરીક્ષાની કાર્યવાહી ચાલી રહી હતી તે ખંડ તરફ દોરી ગયા.

તે પરીક્ષાની કાર્યવાહી કરતાં રહ્યાં. પરીક્ષા કાર્ય સંપન્ન થતાં તેમને ફરી પ્રિન્સિપાલની ઓફિસમાં લાવવામાં આવ્યા, જ્યાં તેમને કાગળો પર હસ્તાક્ષર કરવાના હતા.

ચ્હા, નાસ્તો આવ્યો. વાતોનો દૌર ચાલ્યો. તે પછી પ્રેક્ટિકલવાળા અધ્યાપક પોતાની તરફથી બનાવેલ માર્કશીટ લઈને આવ્યા. તેમાં લગભગ તમામ વિગતો ભરેલી હતી. તેમને માત્ર સહીઓ કરવાની હતી.

અધ્યાપક માર્કશીટના કાગળો તેમની પાસે મુક્યા તે જોઈ નિરીક્ષીકા ભડકી ઉઠ્યાં.

'આ શું, માર્ક આપવાનું કામ તો મારું છે. આ રીતે ખોટી માર્કશીટ બનાવી મારી સામે મૂકવાની તમારી હિંમત કઈ રીતે થઈ?'

અધ્યાપક શાંત ભાવે કોઈ પ્રતિક્રિયા વ્યક્ત કર્યા વિના ચૂપચાપ પોતાનું કામ પૂરું કરતા રહ્યા. થોડી વારમાં લંચનો સમય થયો. વ્યવસ્થાપકનો પુત્ર તેમને એરકન્ડીશન હોટલમાં લઈ ગયો. જ્યાં નિરીક્ષીકાને પસંદગીનું ભોજન કરાવ્યું. અને એક નોટોનું કવર આપવામાં આવ્યું. જેને પોતાના પર્સમાં સરકાવતાં તે કહેવા લાગ્યાં. હેં.. હેં.. એ તો બધું એમ જ ચાલે. તમે પેલા બધા કાગળો લાવો મારે ક્યાં ક્યાં સહી કરવાની છે.'

અધ્યાપકે માર્ટશીટો તેમની સામે મૂકી દીધી. સ્મિત વેરતાં નિરીક્ષીકાએ બધા કાગળો પર પોતાની સહીઓ કરી આપી.

પછી શું, વિદ્યાર્થીઓમાં પણ ખુશીનો માહોલ છવાઈ ગયો અને સંસ્થાનું નામ વધુ ચર્ચાવા લાગ્યું.

આપણાં અંગત સંબંધોમાં તો બધું જ ચાલે એવું માનીને થતો વ્યવહાર

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

(ગતાંકથી ચાલુ)

પતિ-પત્નિના સંબધોમાં, માતા-પુત્રના સંબધોમાં, પિતા-પુત્રના સંબધોમાં, પ્રિયતમ-પ્રિયતમાના સંબધોમાં, સાસુ-વહુ, મિત્ર-મિત્ર, કર્મચારી-અધિકારીના કે અન્ય કોઈપણ પ્રકારના સંબધોમાં ક્યારેક આપણે એવું માનીને વર્તન કરતા હોઈએ છીએ કે "આપણાં સંબધોમાં તો બધુ જ ચાલે અને સંબંધ છે તો પછી તેમાં સંબધિત વ્યકિતને પૂછવાનું શું હોય?" આમ સંબધિત વ્યકિતના જીવનને સ્પર્શતી, તેની લાગણીઓને સ્પર્શતી બાબતોમાં આપણે એના વતી તો ક્યારેક એકપક્ષીય નિર્ણયો લઈ લેતા હોઈએ છીએ.

આપણી સંબધિત વ્યકિતઓના જીવનને સ્પર્શતા તેમની લાગણીઓ સાથે જોડાયેલા નિર્ણયો આપણે એવું માનીને લઈ લેતા હોઈએ છીએ કે 'એ તો આપણી નજીક ની વ્યકિત છે. એ તો કોઈ જ પ્રકારના વિરોધ વિના કે હિચકિચાહટ વિના આપણે લીધેલા નિર્ણયને મંજૂરીની મહોર મારી જ દેશે.' એમાં તેમણે પૂછવાનું શું હોય? આમ સંબધીત વ્યકિત વતી લીધેલા નિર્ણયોમાં તેમની સો ટકા સંમતિ હોય જ એવું માનીને આપણે ઘણીવાર આપણાં નિર્ણયો ઠોકી બેસાડતા હોઈએ છીએ.

તેજપાલ કૌર અને સુખબિંદર સિંઘના દામ્પત્ય જીવનમાં જે રીતે સુખબિંદર સિંઘની પતિ તરીકેની પોતાની પત્નિ વિષેની માન્યતા ખોટી પડી એમ કોઈપણ પ્રકારના સંબધોમાં આપણી આ પ્રકારની માન્યતા ખોટી સાબિત થઈ શકે છે. સંબધીત વ્યકિત આપણી ગમે એટલી નજીક હોય, ગમે તેવા સ્નેહના અતૂટ તાંતણાથી આપણે બંધાયેલા હોઈએ, એકબીજા ઉપર આપણે ગમે એટલો વિશ્વાસ રાખી શકતા હોઈએ, છતાં તેમના જીવનને સ્પર્શતા નિર્ણયો આપણે તેમની જાણ બહાર કે તેમની મંજુરી વિના લઈએ છીએ ત્યારે એવું બને કે તેમને આપણો નિર્ણય ના ગમે. એવું પણ બને કે તેમની વતી આપણે નિર્ણય લઈ લીધો હોય તેને કારણે તેમની લાગણી ને ઠેસ પહોંચે કે તેમની લાગણી દુભાય. આવું કાઇપણ થાય ત્યારે તે વ્યકિત સાથેના આપણાં સંબધોને વિપરીત અસર થવાની શક્યતાઓ વધી જતી હોય છે.

સંબધિત વ્યકિત સાથેના આપણાં કોઈપણ પ્રકારના સંબધ હોય, ગમે એવા ગાઢ સંબધો, ઘર જેવા સંબધો હોય, ઘરની જ વ્યકિત, અતરંગ વ્યકિત હોય તો પણ દરેક સંબધીને યોગ્ય સમયે સંજોગોને અને સામને અનુરૂપ યોગ્ય માન-સન્માન આપવું આપણી ફરજ બની રહે છે. પણ 'આ સંબધમાં તો બધુ ચાલે' એ પ્રકારની મનોવૃતિ સાથે જ્યારે આપણે વ્યકિતને યોગ્ય માન-સન્માન નથી આપતા ત્યારે સંબધીત વ્યકિતની લાગણી ને ઠેસ પહોંચતી હોય છે.

આપણે ક્યારેક કોઈપણ પ્રકારની તકલીફમાં હોઈએ, કોઈપણ પ્રકારની મુશ્કેલીમાં હોઈએ ત્યારે આપણી સંબધીત વ્યકિત આપણને યથાયોગ્ય મદદ કરતી હોય છે. એ સમયે "એ તો તેની ફરજ છે એટલે કરે છે" આવું માનીને એ વ્યકિતએ કરેલી મદદની કદર કરવાની કે તેનો આભાર માનવાની પણ આપણે દરકાર ના કરીએ ત્યારે આપણી મનોવૃતિ છતી થઈ જતી હોય છે.

એક વ્યકિત જેનું મિત્રવર્તુળ ખૂબ જ બહોળું અને પહોળું. સૌ મિત્રોમાં એ વ્યકિત ખૂબ જ પ્રિયપાત્ર. પોતાના મિત્ર-વર્તુળ સાથે હરવા-ફરવાના કે મિજબાનીના આયોજનો મોટેભાગે એ મિત્ર જ કરે, ક્યારેક એવું બને કે એ વ્યકિત પોતાના મિત્ર વર્તુળમાથી બે-પાંચ મિત્રોને પૂછીને તેઓની અનુકૂળતા પ્રમાણે ફરવા જવાનું કે પાર્ટીનું આયોજન કરે. એ સમયે એ વ્યકિત એક-બે મિત્રોને એવું માનીને ના પૂછે કે "એ તો ના નહીં જ પાડે પાર્ટી માં એ તો સામેલ થશે જ" એ વ્યકિતની આ પ્રકારની માન્યતાઓ ઘણીવાર ખોટી પડી છે અને તેને કારણે કેટલાક આયોજનોમાં પડતાં પણ મૂકવા પડ્યા છે. જે મિત્રોની પૂર્વસંમતિ ના લીધી હોય એવા મિત્રો નારાજગી સાથે આંખની શરમે કાર્યક્રમમાં સામેલ થતાં હોય છે.

આ પ્રકારની મનોવૃતિ ધરવનારા મોટેભાગે સ્વ-કેન્દ્રીત હોય છે અને તેઓના આ પ્રકારના વર્તનમાં નર્યો સ્વાર્થ જ દ્રષ્ટિગોચર થતો હોય છે. આ પ્રકારની મનોવૃતિ ધરાવનાર વ્યકિત સંબધીત વ્યકિતની પરિસ્થિતી, તેમની મુશ્કેલીઓ, તેમના સૂચનો, તેમના અભિપ્રાયો, તેમની પરવાનગી, તેમની લાગણી કે તેમના ગમા-અણગમાની ભાગ્યેજ પરવાહ કરતાં હોય છે. એ તો માત્ર પોતાની સગવડતા અને પોતાની ખુશીને ધ્યાનમાં રાખીને જ પોતાના વર્તન ને વ્યવહારો કરતી હોય છે.

સંબધીત વ્યકિતઓના જીવનને સ્પર્શતા નિર્ણયો તેની પરવાનગી વિના લેતા રહીએ અને તેમની લાગણી દરકાર ના કરીએ, તેને યોગ્ય માન સન્માન ના આપીએ, તેમનું સ્વમાન ઘવાય એવું આપણે વર્તન કર્યા કરીએ, તેમની સાથે તો બધુ જ ચાલે એમ માનીને તેમની સાથે વ્યવહારો કરતાં રહીએ ત્યારે એ સંબધીત વ્યકિત કદાચ તેનો વિરોધ ના કરે, તેનો અર્થ એ નહી એ વ્યકિત કશું જ સમજતી નથી. એવું માની લેવા કોઈ જ કારણ નથી કે એ નબળી છે. શક્ય છે કે એ વ્યકિત માત્ર સંબધોને સાચવાવા માટે મૌન રહીને આપણાં વર્તન વ્યવહારને સહન કરી લેતી હોય. આ પ્રકારની મનોવૃતિ સાથે જો લાંબો સમય કોઈપણ વ્યકિત સાથે વર્તન કર્યા કરીએ તો શક્ય છે કે તેનામાં રહેલી સબળ વ્યકિત જાગે, તેનામાં રહેલી એક સ્વમાની વ્યકિત આપણાં વર્તનનો વિરોધ કરે અને તેજપાલ કૌરની જેમ ક્યારેક વિદ્રોહ પણ કરે. આવું થાય ત્યારે વર્ષોથી સાચવાયેલા સંબધો છીન્નભિન્ન થઈ જતાં હોય છે.

આપણી સંબંધિત વ્યકિત આપણી સાથેના પોતાના સ્નેહ, પ્રેમને ખાતર બધુ જ સહન કરવા, બધુ જ ત્યાગી દેવા કે ન્યોછાવર કરવા માટે તૈયાર હોય પણ તેના સ્નેહ કે પ્રેમ ને લઈને તેની સાથે કોઈપણ પ્રકારનું વર્તન કરવાનો આપણએ અબાધિત અધિકાર નથી મળી જતાં એટલું ધ્યાન રાખીએ તો એ સંબધો ટકી રહેશે. એ સંબધમાં ક્યારેય આંચ નહીં આવે.

સનાતન ધર્મ નીચે સમગ્ર સૃષ્ટિ સુરક્ષિત રહે છે!

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

હમણા હમણાથી સમાજ જીવનમાં ઘણો અજંપો વ્યાપી ગયો અને તેમાં કોઈ નક્કર હાનિ અથવા આપત્તિ હોતા નથી છતાં સાર્વત્રિક ચર્ચા - નિવેદનો- રોષ ફાટી નિકળ્યાં ટીવી અને વર્તમાનપત્રોમાં પણ ઘણી ચર્ચા - લેખો વગેરે જોવા મળ્યાં. માનવ શરીરના અંગો પૈકી સૌથી નાજુક એવું અંગત - જીભ એ અત્યંત કાતિલ ગણાતું આવ્યું છે ! શબ્દના સંગે મળે સહાનુભૂતિ, સ્નેહ, આશ્વાસન અને શબ્દના લીધે થઈ જાય મહાભારત અર્થાત્ શબ્દરૂપી બાણ છૂટે તો ઘાયલ કરીને જ રહે. બાળક બોલતો થાય તેની પરિવાર રાહ જુએ સ્પષ્ટ બોલે તો બધા રાજી રાજી ! આ જ વ્યક્તિ નાગરિક બને પછી થી તેના શબ્દની પ્રત્યેક સમયે નોંધ લેવાતી રહે છે. મોર નાચીને ટહુકે તો બધા ખુશ થાય પરંતુ નહિ ગમતા પંખીઓનો અવાજ પણ દિલને ગ્લાનિ પહોંચાડે છે. ઘર ઉપર ઘુવડના અવાજો ઊભા થાય તો તેને ભગાડવાના પ્રયાસ કરતા લોકો પણ જોવા મળે છે. ઈતિહાસ સાક્ષી છે કે શબ્દો એ કેટલું નુકશાન લોકોને કે દેશને પહોંચાડ્યું છે. હકીકતમાં એટલે જ તો શબ્દ ને બ્રહ્મ કહેવામાં આવ્યો છે. તૂટી ગયેલા માણસ શબ્દની હૂંફથી ઊભો થઈ જાય છે અને શબ્દના કારણે લાગી આવતા નબળો થઈ ઈન્સાન આત્મહત્યા પણ કરી લે છે. સમાજ શબ્દોને પકડી લે અને તેના આધારે નફરત કરે અથવા પ્રેમ કરે છે એટલે ભાષા એ જ આદમીનું ખરું ભવિષ્ય છે. શબ્દને તોળી - જોખીને ઉચ્ચારવા જરૂરી છે. જેનું પરિણામ ઘાતક આવે તેવા શબ્દોના કોઈ પણ પ્રયોગથી સાવચેત રહેવું જરૂરી હોય છે. છોડાયેલા શબ્દોના આપણે ગુલામ બની જતા હોઈએ છીએ અથવા નહીં વપરાયેલા શબ્દોના તમે માનવંતા માલિક છો, શબ્દોથી દુનિયામાં રોનક છે અને વિનાશ પણ છે, આપણા દેશમાં શ્રદ્ધા - ધાર્મિકતામાં સદીઓથી વૈવિધ્ય પ્રવર્તે છે હજારો આસ્થાના કેન્દ્રો છે ઈશ્વરનાં રૂપ - સ્વરૂપ પણ વ્યાપકપણે છે.

આપણી ધાર્મિકતામાં બધાં જ લોકો સંલગ્ન છે અને દરેકની શ્રદ્ધા કે આસ્થામાં પુષ્કળ વિવિધતા હોવાથી આ મુદ્દો હંમેશા અત્યંત સંવેદનશીલ જોવા મળ્યો છે. પરસ્પર માન આપીને સ્વમાન જાળવવાનો મંત્ર સુખ ઊભુ કરી શકે છે. કથાઓ દેશ-વિદેશમાં ચાલતી રહે છે અને લોકો તેમાં ભાગ લે છે. હવે વાત આવે છે કથાકારોની અભિવ્યક્તિ અને તેમની રજૂઆતની તથા શબ્દપ્રયોગ વગેરેની ત્યારે ઘણી વખત એવું બને છે કે વાતનો અર્થ કોઈકને ઠેસ પહોંચાડે છે. ધર્મ એટલે જે ધારણ કરવામાં આવે એ ધર્મ - આપણે ત્યાં ધર્મ એટલે ઘણાં સંપ્રદાયો અને તેના મંદિરો તથા મૂર્તિઓ વગેરે સહજ રીતે સમજીને વાત લેતા રહીએ છીએ. સનાતન ધર્મ એ ખુદ વ્યક્ત કરે છે કે એ શાશ્વત તત્ત્વ છે ! હરિહર કે શિવજી અને નારાયણ એ બંને એક જ સત્ત્વ-તત્વ છે. જે ઊર્મિઓ આપે ઉત્પત્તિ, પાલન અને પ્રલય-લય કરે છે. સમગ્ર વિશ્વને ચલાવનાર શક્તિ વિશે વિવિધ માન્યતાઓ, જુદા જુદા મંદિર અને સ્વરુપો અહીં સદીઓથી પ્રવર્તે છે. ત્યારે તેના પાયામાં સનાતન ધર્મ રહેલો છે. શિવજીને મહાદેવ કહેવામાં આવ્યા છે તો વિષ્ણુ યા નારાયણને પણ દિલથી ભગવાન તરીકે ધારણ કરેલા છે. શક્તિ પૂજકો માટે માતાજી પરમ શ્રદ્ધેય સ્વરુપ છે. હવે કોઈ પણ સંત કે કથાકાર જયારે વાત કરતા હોય ત્યારે શ્રોતાઓ શ્રદ્ધાના તત્ત્વથી સાંભળતા હોય એટલે અર્થનો અનર્થ થાય નહીં તેની કાળજી જે તે સંત કે કથાકારે હંમેઅંશા રાખવી જ જોઈએ. હું પૂ. મોરારિ બાપુને વર્ષોથી સાંભળું છું. જેના વચનો કે વાતોમાં જોશ, ઉત્સાહ, ચેતના જોવા મળ્યા છે. આ ઉપરાંત એ કથા જીવન જીવવાની શક્તિ વધારનાર અનુભવી છે. વાત ક્યાંક પરિપ્રેક્ષ્યમાં થઈ રહી છે એ અતિ મહત્ત્વનો મુદ્દો છે. નિલકંઠ એટલે દેવાધિદેવ એવા મહાદેવ એ સત્ય છે પરંતુ અન્ય સંપ્રદાયના ઈષ્ટ દેવનું પણ એક નામ નિલકંઠ છે આથી જ સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો હરિભક્તો વગેરેનો રોષ ઊભો થયો. લાડુડી ખાય એ નિલકંઠ ના હોય એ વિશે જ મોટી બબાલ થઈ ગઈ છે !!

જય વસાવડા જેવા લેખકે ટીવી ડિબેટમાં તેમની રજૂઆત કરી તો ગુણવંત શાહ સાહેબે એક લેખ આ માટે વર્તમાનપત્રની તેની નિયમિત કટારમાં લખ્યો. ઘણી વાતો હવે સોશિયલ મીડિયામાં આવી તે પછી પૂ. રમેશભાઈ એ આ મુદ્દેના શાંત કરવા એક અપીલ પણ કરી. આખી આ ઘટનાનો સાર એ નિકળે છે કે કથાકાર કે વક્તા કોઈ પણ હોય અને એ સમાજ પાસે જે વાત મૂકે છે ત્યારે જરૂરથી સતર્ક રહેવું આવશ્યક છે. આપણે બધા હજી એટલા વિશાળ દિલના થઈ શક્યા નથી. બીજું અહીં શ્રદ્ધા, અશ્રદ્ધા, અંધશ્રદ્ધા, વચ્ચેના ભેદ બધા જાણી શક્યા નથી. ત્રીજું આપણે માત્ર આપણું યાદ રાખીને જ અન્યને સાંભળતા રહીએ કે વ્યવહાર કરતા રહીએ છીએ ચોથું બધા જ વક્તાઓ એ હંમેશા સનાતન શબ્દને યાદ રાખવો પડશે. પાંચમું અહીં કમનસીબે શ્રદ્ધા સાથે વ્યાપાર, વ્યક્તિઓ, ધંધો વગેરે સહજતાથી ગોઠવાઈ ગયું છે. ઘણી બધી માન્યતાઓ સામે પડવા કરતા તેને આદરથી વંદન કરી ખસી જવું એ જનહિત ગણાશે ! કર્મ પ્રધાનતાને શિરોમાન્ય ગણી આદર આપીને બધાં જ વર્ગના લોકો જીવે તો રાષ્ટ્રધર્મ ખીલશે. કોઈ પણ ધાર્મિકતા કદી નકારાત્મક ઉર્જાને સ્વીકૃત કરતી નથી. જે ઉન્નત બનાવે એ ખરી ઉર્જા અને જે ઈશ્વરના સ્વરુપ તરફથી પ્રાપ્ત થાય તો ઈન્સાનિયત જીવી શકે. અન્યને સારું લાગે એ જ ચિંતામાં ઘણું સાચું નજર સામેથી જતુ રહે છે. દંભ ઓઢીને ચાલતા દોડતા લોકો અહેસાસોની સચ્ચાઈનો ખરો સ્પર્શ પણ પામી શકતા નથી. ના ઉપેક્ષા, ના અપેક્ષા સાથે જે હોય દિલના રિશ્તા એ હંમેશા શાતા આપી જાય છે! રામાયણ, ગીતા, મહાભારત, શિક્ષાપત્રી,વચનામૃત જેવા બધા શાસ્ત્રોનો સાર એક જ છે તું સાચો ઈન્સાન બનીને જીવ.

શેર આસ્વાદ :

કહને વાલો કા કુછ નહીં જાતા, સહને વાલે કમાલ કરતે હૈ
કૌન ઢૂંઢે જવાબ દર્દો કા, લોગ તો બસ સવાલ કરતે હૈ

(ગુલઝાર)